Economic Times (Gujarati)
NBFC shares up after Demonetisation
Edition: Mumbai Date: 21/11/2016 Page no: 4 Clip size: H: 12 cm / W: 24 cm

## NBFCs અને HFC શેરો આઠ નવેમ્બર પછીથી 8થી લઈને 26% સુધી તૂટ્યા

# નોટબંધીના નિર્ણયથી NBFC શેરોની તેજી ખોરવાઈ

સરકારે ₹૫૦૦ અને ₹૧,૦૦૦ની જૂની ચલણી નોટ રદ કરવાનો નિર્ણય કર્યા બાદ નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (એનબીએફસી)ના શેરોની તેજી ખોરવાઈ ગઈ છે. એનબીએસી શેરોએ છેલ્લા એક વર્ષમાં બજારમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો, પરંતુ નોટબંધીના નિર્ણયની જાહેરાત બાદ એનબીએફસી અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ (એચએફસી)માં આઠ નવેમ્બર પછીથી ૮ ટકાથી લઈને ૨૬ ટકા સુધીનો તીવ્ર ઘટાડો થયો છે. આ કરેક્શન માટેનું મુખ્ય પરિબળ એ છે કે સરકારના નિર્ણયથી રિયલ એસ્ટેટના ભાવમાં ભારે ઘટાડો થવાની ધારણા છે. જો રિયલ એસ્ટેટના ભાવમાં તીવ્ર ઘટાડો થશે તો તેનાથી હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓના મોર્ગેજ પોર્ટફોલિયોની વૃદ્ધિને અસર થઈ શકે છે. આની સાથે પોતાની બુકમાં લોન અગેઈન્સ્ટ પ્રોપર્ટી (LAP)નું પ્રમાણ ઊંચું છે તેવી કંપનીઓને નેગેટિવ અસર થવાની ધારણા છે. આ કંપનીઓને આ સેગમેન્ટની એસેટ ક્વોલિટી સામે જોખમ ઊભું થશે. જોકે જોખમનું પ્રમાણ LAP પોર્ટફોલિયો આધારિત હશે. ઊંચી ટિકિટ સાઈઝ, લોન-ટુ વેલ્યૂના હળવાં ધોરણો અને સ્વનિર્ભર ગ્રાહકોનો ઊંચો હિસ્સો છે તેવી કંપનીઓને અસર થઈ રહી છે. મોટા ભાગની કંપનીઓ દાવો કરી રહી છે કે તેમનું ધિરાણ આગામી બે ત્રિમાસિક ગાળામાં લોનધારકની અંડરલાઈંગ રોકડપ્રવાહને આધારે નિર્ધારિત થાય છે. પરંતુ આગામી સમયગાળામાં લોનધારકો નાણાખેંચ અનુભવે તેવી ધારણા છે. આ સ્થિતિમાં એનબીએફસીના શેરોને નેગેટિવ અસર થઈ રહી છે. આગામી સમયગાળામાં આ કંપનીઓની લોનબુકના વૃદ્ધિદરને પણ અસર થશે તેવું બજારના નિષ્ણાતો માને છે.

-દેવાંગી ગાંધી

### ડિમોનેટાઈઝેશન અને NBFCના શેરો

| | | 8 નવેથી શેરમાં | LAP ** | |
|---|---|---|---|---|
| NBFC / HFC | બંધભાવ | ફેરફાર % | ₹ કરોડ | કુલના ટકા |
| ચોલામંડલમ ફાઇનાન્સ* | 979.8 | -11.6 | 7301 | 28.2 |
| ઇન્ડિયા બુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ | 666.6 | -15.3 | 18230 | 24.2 |
| PNB હાઉસિંગ ફાઇનાન્સ* | 811 | -17.1 | 5505 | 17.8 |
| બજાજ ફાઇનાન્સ | 879.0 | -10.7 | 8536 | 16.3 |
| DHFL | 227.8 | -27.4 | 11810 | 15.7 |
| મેગ્મા ફિનકોર્પ | 96.9 | -8.3 | 2217 | 12.6 |
| LIC હાઉસિંગ ફાઇનાન્સ | 518.3 | -5.6 | 12700 | 9.7 |
| કેન ફિન હોમ | 1507.9 | -12.1 | 726 | 5.9 |

**2016 સપ્ટેમ્બરના રોજ, * માર્ચ 2016ના રોજ LAP સ્રોતઃ કંપનીઓ, એનાલિસ્ટ્સના અહેવાલ

